REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

*PUBLISHED BY AUTHORITY*

VOL. XXXIX ] MONDAY, 11th, MAY, 1998/ VAISAKHA 21, 1920 [ No. 6

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના નં. ૩૦ (રાંદેર) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

### અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (ડ્રાફટ સ્કીમ) સ્કીમનો મુસદ્દો ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અરબન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ઉત્તરે | : | મોજે પીસાદનો સીમાડો |
| દક્ષિણે | : | સૂચિત ટી. પી. સ્કીમ નં. ૨૯ (રાંદેર) |
| પૂર્વે | : | તાપી નદી તથા રાંદેર ગામતળ |
| પશ્ચિમે | : | મોજે જહાંગીરાબાદનો સીમાડો |

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ખાતામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધિ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતાં કોઈપણ શખ્સ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

એસ. જગદીશન.
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

સ્થળ.
તારીખ :- - ૧૯૯૮.